BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# કોર્ટના ચુકાદાએ કાઉન્સિલર ધિલ્લોન (Dhillon) સામે જાતીય સતામણીના ઈન્ટિગ્રિટી કમિશ્નરના તારણો પ્રમાણે ધિલ્લોને નિયમાનુસાર ખર્ચાઓ સીટીને ચૂકવવાનો હુકમ કર્યો

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જૂન 11, 2021) – આજરોજ, ધી ઓન્ટેરિયો સુપિરિયર કોર્ટ ઓફ જસ્ટીસ – ડિવિઝનલ કોર્ટે સીટી ઓફ બ્રેમ્પટન અને સીટીના ઈન્ટિગ્રિટી કમિશ્નરના પક્ષમાં ચુકાદો આપ્યો, અને બંનેને ખર્ચાઓ ચૂકવવાનો હુકમ કરવામાં આવ્યો, આ કેસ Dhillon વિરુદ્ધ ધી કોર્પોરેશન ઓફ ધી સીટી ઓફ બ્રેમ્પટનનો, કાઉન્સિલર Dhillon સામે દુરાચરણના આરોપોના સંબંધમાં ઈન્ટિગ્રિટી કમિશ્નરના તારણોના, અને કાઉન્સિલ દ્વારા તે તારણો સ્વીકારવાના નિર્ણયના સંદર્ભમાં હતો.

કાઉન્સિલર Dhillon સામેની ફરિયાદના સંદર્ભમાં ઈન્ટિગ્રિટી કમિશ્નરના અહેવાલના તારણો અને ભલામણોને મંજૂર કરતા ડિવિઝનલ કોર્ટના નિર્ણયથી સીટી ખુશ છે.

સીટી અને ઈન્ટિગ્રિટી કમિશ્નર દરેકને કાયદેસર કાર્યવાહીના સંબંધમાં ખર્ચાઓ પેટે $20,000.00 આપવામાં આવ્યા હતા.

ઈન્ટિગ્રિટી કમિશ્નરનો અહેવાલ મળ્યા પછી કોર્ટના તારણો કાઉન્સિલની કાર્યવાહીઓ અને નિર્ણયોને ટેકો આપે છે.

કોર્ટે કાઉન્સિલર Dhillon ને જાહેર જનતાના સભ્યો સાથે માત્ર ઈમેઈલથી સંવાદ કરવા સુધી અને તેમના સીટીના ઈમેઈલ સરનામાના ઉપયોગ પર વધુ વિચારણા કરવા કાઉન્સિલને પરત મોકલવા સુધી Dhillon ની ક્ષમતાને સીમિત કરી. કાઉન્સિલ આ ભલામણ પર વહેલામાં વહેલી તકે વિચારણા કરી શકે.

-30-

**લિંક (કડી):** Dhillon વિરુદ્ધ ધી કોર્પોરેશન ઓફ ધી સીટી ઓફ બ્રેમ્પટન ઓન્ટેરિયો સુપિરિયર કોર્ટ ઓફ જસ્ટીસ – ડિવિઝનલ કોર્ટનો ચુકાદો જૂન 11, 2021

**કેનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca